# તરુણોને સમજીને વ્યવહાર કરીએ

જરૂરિયાત એ કોઇપણ પ્રાણીના વર્તન માટે અગત્યનું પરિબળ છે. જેથી તરુણો પણ જે વર્તન કરે છે તે તેમની જરૂરિયાતના અનુસંધાનમાં હોય છે. અહીં તરુણોની કેટલીક મુખ્ય જરૂરિયાતનું વર્ણન કરવાનો પ્રયત્ન કરેલ છે, જેથી તરુણોના વાલીઓ અને શિક્ષકો તરુણોને સમજી શકે અને તે મુજબ તેમની સાથે વર્તન કરી શકે. સામાન્ય રીતે જરૂરિયાતોને આપણે મુખ્ય ત્રણ ભાગમાં વહેંચીશું. શારીરિક, માનસિક (મનોવૈજ્ઞાનિક) અને સામાજિક.

તરુણોની પ્રથમ જરૂરિયાત રૂપે કહી શકાય કે, તેમને સ્વતંત્રતા જોઇએ છે. નાના હતા ત્યારે મા-બાપના સીધા માર્ગદર્શન મુજબ રહેતા હતા અને વર્તન કરતા હતા. પણ હવે તેઓ પોતાના નિર્ણયો જાતે લેવા માંગે છે, તેમને કોઇની રોકટોક કે પૂછ્યા સિવાયનું માર્ગદર્શન ગમતું નથી. તેઓ પોતાની અસ્મિતા જાતે સ્થાપવા માંગે છે. તેઓ કોઇના પર આધારિત બનીને રહેવામાં માનતા નથી. તેમને પોતાના નિર્ણયો જાતે લઇને જવાબદારી નિભાવવાની ગમે છે. જો તેમને પૂરતી સ્વતંત્રતા ન આપવામાં આવે તો તેઓ બળવો પોકારતા સહેજ પણ અચકાતા નથી.

તરુણો પોતે મનોમન એવું ઇચ્છતા હોય છે કે, તેમનું કુટુંબ, સગાં, મિત્રો કે અન્ય પરિચિત લોકો તેમને એક અલગ વ્યક્તિત્વ તરીકે જૂએ અને સ્વીકારે. કોઇ તરુણ અન્ય પરિચિત વ્યક્તિને મળે ત્યારે તે વ્યક્તિ જે તે તરુણને આવકાર આપે, પ્રેમથી બોલાવીને સ્વીકારે તેવું અંદરથી ઇચ્છતા હોય છે. જયાં તેમને આવી સ્વીકૃતિ નહીં મળે ત્યાં તરુણો જાતે જવાનું પસંદ કરતા નથી.

તરુણો પોતાની પસંદગીના ક્ષેત્રોમાં કશુંક નવું કરવાનું ઇચ્છતા હોય છે. આ માટે તેઓ માત્ર પ્રયત્ન જ કરે છે તેવું નથી પણ સાહસ પણ કરતા હોય છે. તેમને નવું નવું જાણવાની અને કરવાની તીવ્ર ઇચ્છા હોય છે.તેમના મનમાં અનેકાનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. જેનો જવાબ કે ઉકેલ શોધવા માટે તેઓ મથામણ કરતા હોય છે. આ માટે વાંચન કરવું, મિત્રો કે વડિલો સાથે ચર્ચા કરવી, ઇન્ટરનેટ પર સમય પસાર કરવો જેવા ઘણાં પ્રયત્નો કરતા હોય છે. તુણોની બીજી અન્ય જરૂરિયાત એ છે કે, તેઓ જવાબદારી ઉપાડવામાં અને તેને પૂર્ણ કરવામાં માને છે. આ જવાબદારી અન્ય કોઇએ સોંપેલી હોય કે જાતે જ ઉઠાવેલ હોય. આ જવાબદારી નિભાવવા માટે તેઓ બધાંજ પ્રકારના પ્રયત્નો જોખમ સાથે કરવા તૈયાર હોય છે. સાથે જવાબદારી પૂર્ણ થયા પછી અન્ય વ્યક્તિઓ તેમને પ્રોત્સાહિત કરે તેવું મનોમન ઇચ્છતા પણ હોય છે.આમ કરીને તેઓ પોતે પોતાના સમાજમાં પોતાની આગવી “ઓળખ” ઊભી કરવા માગે છે. તેમનામાં સમાજસેવાની ભાવનાનો ઉદય થાય છે. બીજા માટે ત્યાગ કરીને તેઓ આત્મસંતોષ લેતા હોય છે.  તરુણો પોતાના પર કોઇના આધિપત્યનો સ્વીકાર કરવા તૈયાર નથી. તેમને કોઇની દખલગીરી કે દબાવ પસંદ નથી. તેઓ કોઇના દબાણ સામે ઝૂકવાનું પસંદ કરતા નથી. જો આવી સ્વાયત્તતા તેમને ન મળે તો ક્યારેક તેઓ નાના બાળક જેવું વર્તન પણ કરતા જોવા મળે છે.

આ અવસ્થા દરમિયાન તેમની પસંદગીમાં વિવિધતા જોવા મળે છે. તેમાન રસરુચિ એક કરતાં વધારે ક્ષેત્રોમાં જોવા મળે છે. તેમના રસરુચિના ક્ષેત્રો પર તેઓ જે વાતાવરણમાં રહે છે અને જે વ્યક્તિના સંપર્કમાં વધુ સમય માટે રહે છે તેની સીધી અસર જોવા મળે છે. તેમને રહસ્યની કથાઓ, હિંસાત્મક ચલચિત્ર, ફિલ્મ સંગીત, જાતીય સાહિત્ય વગેરે તેમના પસંદગીના ક્ષેત્રો છે. જેની નકારાત્મક અસર પણ તેમના પર પડે છે. તેઓ માન્યતા કરતાં વિજ્ઞાનમાં વધુ વિશ્વાસ ધરાવે છે. માટે તો તેઓ ક્યારેક પોતાના સમાજના રૂઢિચૂસ્ત નિયમો-માન્યતાઓ સામે બંડ પોકારે છે અથવા તો તેને માનવાનો ઇન્કાર કરે છે. તેઓ તરંગી અને કલ્પનાશીલ હોય હોય છે. માટે તેમના કેટલાક નિર્ણયો અનુભવી વડિલોને સ્વીકાર્ય હોતા નથી અને તેવા નિર્ણયોને વડિલો હસી કાઢે છે. જે તરુણોને પસંદ નથી. તરુણોને આ ઉંમરમાં જાતીય શિક્ષણ મેળવવાની ઇચ્છા થાય છે. તેઓ

તેમના મિત્રો સાથે એકાંતમાં જાતીય બાબતો અંગેની ચર્ચા કે હસીમજાક કરતા હોય છે. આ ઉપરાંત જો તેમનામાં જાતીય બાબતો અંગેની કોઇ સમસ્યા હોય તો તેઓ તે માટે લઘુતા પણ અનુભવતા હોય છે. તેઓ વિજાતીય વ્યક્તિ સાથે મિત્રતાના સંબંધો બાંધવા માટે સતત પ્રયત્ન અને મથામણ કરતા હોય છે. જો આવી કોઇ મિત્રતા હોય તો તેને લાંબો સમય નિભાવવાનું પણ ઇચ્છતા હોય છે. પોતાના વિજાતીય મિત્ર સાથે સમય પસાર કરવાનું તેમને પસંદ હોય છે. જે માટે તેઓ પોતાના અન્ય મિત્રમંડળમાં ગૌરવ અનુભવતા હોય છે. તેઓ શાળા-કોલેજ કે સમાજ પાસે એવી અપેક્ષા રાખતા હોય છે કે તેમને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન મળે. આ માટે તેઓ તાલીમ કે અન્ય મહેનત કરવા પણ તૈયાર હોય છે. તેઓ વિશેષ દોડધામ કરીને પણ ઉપરોક્ત બાબતો અંગેનું માર્ગર્દન મેળવવા તૈયાર હોય છે. આ માટે તેાે એક નહી પણ અનેક વ્યક્તિ અને જગ્યાએ જવામાં થાકતા પણ નથી. ટૂંકમાં, તેમને સાચું માર્ગદર્શન મળે તે તેમની જરૂરિયાત છે.
મિત્રો સાથે રહેવું અને ફરવું તેમને ગમે ચે. તેઓ પોતાના સામાન્ય શોખ પૂર્ણ કરવા માટે વાલી પાસે આર્થિક સહયોગની અપેક્ષા રાખતા હોય ચે. આમછતાં વાલી પાસે પૈસા માંગવા માટે તેમને શંકોચ પણ થાય છે. ક્યારેક મિત્રના ઘેર રોકાવું તો ક્યારેક મિત્રને પોતાને ઘેર રોકાણ કરાવવું તેમને પસંદ છે. માત્ર પસંદ જ નહીં તે થકી તેઓ સામાજિક બનીને પોતાની આગવી દુનિયા ઊભી કરવા માંગતા હોય છે. જો આમ કરતાં તેમના વાલી તેમને રોકે તો તે તેમને પસંદ આવતું નથી, પણ પોતાની જરૂરિયાત પૂર્ણ કરવા તેઓ જૂઠ્ઠું બોલીને - ખોટાં બહાના બતાવીને ઘર બહાર રહેવાનું પસંદ કરે છે. અંતે વાલી અને તેમના તરુણ બાળકો સાથે તેમને ઘર્ષણ થતું હોય છે. તેઓ વાલીની આર્થિક પરિસ્તિતિ પ્રમાણે પોતાના ખર્ચ કરતા હોય છે. આમછતાં સામાન્ય ઘરના તરુણોને શ્રીમંત ઘરના તરુણો તેમના શોખ પૂર્ણ કરવા મિત્રના નાતે સદાય મદદ કરતા હોય છે. જેનો જશ લેવાનું તેઓને પસંદ નથી. ટૂંકમાં તરુણો મિત્રો સાથે સાચી મિત્રતા બાંધવાનું, તેને ટકાવી રાખવાનું પસંદ કરતા હોય છે. માટે જ આજે પણ  મોટાભાગના વડિલોને તેમના કોલેજ કાળના મિત્રો સાથે અનન્ય સબંધ સચાવાયેલો જોવા અને જાણવા મળે છે. તરુણો હતાશામાંથી ઝડપથી બહાર આવવાનું ઇચ્છતા હોય છે, આ માટે તેઓ એમ માનતા હોય છે કે તેનાશિક્ષક, વાલી કે મિત્રો તેને સામા પગલે મદદ કરે.

**dr.ashokpatel@in.com**